મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૬૧ ટકા
ગાંધીનગર તાપમાન

તમે કોરોના ટેસ્ટ કરાવ્યો?? અરે, ના બાબા, આતો સામાન્ય તાવ છે

કોરોના ટેસ્ટ કરાવવાથી દૂર ભાગતા નાગરિકો : લક્ષણો હોવા છતાં કેટલાંક નાગરિકો કોવિડ-૧૯નો ટેસ્ટ કરાવવાનું મુનાસિબ સમજતા નથી

ગાંધીનગર, તા.૨૧

કાળમુખા કોરોના કોવિડ-૧૯ના કેસો ક્રિકેટ મેચના સ્કોરની જેમ સતત વધી રહ્યા છે જેના કારણે ચિંતાનું મોજું પ્રવર્તી રહ્યું છે. ગાંધીનગર શહેર પણ આ સ્થિતિમાંથી બાકાત નથી જેના કારણે નાગરિકોમાં ફડક પેસી જવા પામી છે. આ સાથે કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ જે વ્યકિતને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવે છે તેને તો આઈસોલેટ કરવામાં આવે છે પરંતુ તે સાથે તેના પરિવારજનો અને નજીકના દિવસોમાં તેના સંપર્કમાં આવેલા મિત્રો, સ્નેહીજનો, અડોશી-પડોશી કે અન્ય જે પણ વ્યકિતઓ હોય તેમને કવોરોન્ટાઈન થવું પડે છે એટલું જ નહી પરંતુ દર્દીના રહેણાંકની આસપાસનો વિસ્તાર આવરી લઈને કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરી દેવાય છે જેથી તે ઝોનમાં આવતા તમામ પરિવારોને પણ ફરજિયાત કવોરોન્ટાઈન થવું પડે છે. આ કારણે અનેક નાગરિકો પોતાને લક્ષણો હોવા છતાં કોવિડ-૧૯નો ટેસ્ટ કરાવવાથી ગભરાય છે અને તેને ટાળે છે.

જે પણ વ્યકિતને કોવિડ-૧૯ પોઝિટિવ આવે છે તેને તુરંત આઈસોલેશનમાં જવું પડે છે જેથી તેના તમામ અધૂરાં અગત્યના કાર્યો ખોરંભે ચઢી જાય છે જેના કારણે શકય છે કે તેને આર્થિક નુકશાન પણ વેઠવાનો વારો આવે છે. આ સાથે પરિવારજનો તેમજ સંપર્કમાં આવેલા તમામને પણ ફરજિયાત કવોરોન્ટાઈન થવું પડતું હોવાથી તેમની નારાજગી પણ વ્હોરવી પડે છે. આ સાથે ટેસ્ટ પોઝિટિવ આવવા બદલ કોરોનાથી બચવા સાવચેતી રાખવામાં બેદરકારી દાખવવાનું પણ લાંછન લાગે છે જેથી નાગરિકો કોરોના ટેસ્ટ કરાવવા બાબતે ઉદાસીન જોવા મળે છે. હજુ પણ જે રહેણાંક સોસાયટીઓમાં એક પણ કેસ આવ્યો ના હોય તેવી સોસાયટીઓમાં પહેલું નામ પોતાનું ના આવી જાય અને સોસાયટીના સત્તાધીશોથી માંડીને અડોશી-પડોશીઓ સોસાયટીમાં સંક્રમણ ફેલાવવા માટે જવાબદાર ઠેરવે તેની ચિંતા નાગરિકોને સતાવે છે જેના કારણે અનેક નાગરિકો પોતાને કે પરિવારના કોઈ સભ્યને કોરોનાના લક્ષણો જેવા કે સતત તાવ, માથું દુઃખવું, સુકી ઉધરસ ચાલુ રહેવી, શ્વાસ લેવામાં મુશ્કેલી પડવી વગેરે હોવા છતાં કોવિડ-૧૯નો ટેસ્ટ કરાવવા જતા ગભરાય છે. જો આરોગ્ય કેન્દ્ર કે સિવિલ હોસ્પિટલ અથવા અન્ય સ્થળે પણ તેઓ ટેસ્ટ કરાવે અને જો રિપોર્ટ પોઝિટીવ આવે તો તે પછીની સ્થિતિ અંગે ચિંતિત નાગરિકો ટેસ્ટ જ કરાવવાનું ટાળી રહ્યા છે. લક્ષણો ધરાવતા આ નાગરિકો ઘરગથ્થું નુસ્ખા કે આયુર્વેદિક અથવા હોમિયોપેથિક દવાઓનો ડોઝ લઈ જાતે જ પોતાના ડોકટર બની સારવાર કરવાનું વધુ પસંદ કરે છે પરંતુ કોરોના ટેસ્ટ કરાવવાથી દૂર ભાગી રહ્યા છે.

કોવિડ-૧૯ ટેસ્ટથી કતરાવામાં મોટા અધિકારીઓ પણ સામેલ

પ્રાપ્ત જાણકારી અનુસાર માત્ર મધ્યમ કે ગરીબ વર્ગના નાગરિકો જ નહી પરંતુ કેટલાંક સનદી અધિકારીઓ, વર્ગ-૧ના અધિકારીઓ પણ પોતાને અથવા પરિવારજનોને લક્ષણો હોવા છતાં કોરોના ટેસ્ટ કરાવવાથી દૂર ભાગી રહ્યા છે. કેટલાક અધિકારીઓ-કર્મચારીઓ તો ચાર-પાંચ દિવસની રજા લઈને ઘરમાં આયુર્વેદિક ઉકાળા સહિત જાણીતી દવાઓ લઈને લક્ષણોને દબાવવા કોશિષ કરવા લાગે છે પરંતુ ટેસ્ટ કરાવતા નથી કેમ કે તેમને આઈસોલેશનમાં જવાથી ડર લાગી રહ્યો છે અથવા 'કયા કહેંગે લોગ?'ની ચિંતા સતાવી રહી છે. આ દરેકે સુપરસ્ટાર અમિતાભ બચ્ચન પાસેથી પ્રેરણા લેવી જોઈએ જેમણે પોતાને તથા પરિવારજનોને કોરોના હોવાની જાણકારી જનતાને પોતે જાતે આપવા સાથે છેલ્લાં ૧૦ દિવસમાં પોતાના સંપર્કમાં આવેલા તમામને ટેસ્ટ કરાવવા વિનંતી કરી હતી.

સિવિલમાં કવોરન્ટાઈન સમયમાં ઘટાડો કરાતા સ્ટાફનો હોબાળો

ગાંધીનગર, તા. ૨૧

કોરોનાની વૈશ્વિક મહામારીને પગલે ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં ફરજ બજાવતા કર્મચારીઓને પહેલા ૭ દિવસની ડ્યુટી અને ૭ દિવસ કવોરન્ટાઈનનો સમય આપવામાં આવતો હતો. પરંતુ સિવિલ તંત્ર દ્વારા ૭ દિવસની ડ્યુટી અને ૩ દિવસનો કવોરન્ટાઈનનો સમય કરવામાં આવતા સ્ટાફના કર્મચારીઓ દ્વારા વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. કવોરન્ટાઈન સમયમાં ઘટાડો કરવામાં આવતા સ્ટાફના માણસો તબિબિ અધિક્ષકને રજુઆત માટે પહોંચી ગયા હતા.

મળતી માહિતી મુજબ કોરોના એ હાહાકાર મચાવ્યો છે. કોરોના પાટનગર ગાંધીનગરને પણ અજગરી ભરડામાં લઈ રહ્યો છે. કોરોના કેસ એક હજારથી પણ વધુ થઈ ગયા છે. ત્યારે તંત્ર પણ કોરોના કેસમાં ઘટાડો થાય તે દિશામાં પ્રયત્ન કરી રહી છે. ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા સારી એવી છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં પહેલા તંત્ર દ્વારા ૭ દિવસ ડયુટી અને ૭ દિવસ કવોરન્ટાઈનનો આપવામાં આવતો હતો. પરંતુ હાલના સમયે અમદાવાદ સિવિલમાં પણ ૭ દિવસ સ્ટાફ ડયુટી કરે તો કવોરન્ટાઈન ૩ દિવસ અને ૧૦ દિવસ સ્ટાફના માણસો ડયુટી કરે તો ૫ દિવસ કવોરન્ટાઈનનો સમય આપવામાં આવે છે. જયારે સોલા સિવિલમાં પણ ૭ દિવસ કોરોનામાં ડ્યુટી બાદ ૩ દિવસનો સમય ક્વોરન્ટાઈન માટે આપવામાં આવે છે. જેથી ગાંધીનગર કોવીડ હોસ્પિટલ દ્વારા કવોરન્ટાઈનના દિવસોમાં ઘટાડો કરવામાં આવતા સ્ટાફના કર્મચારીઓ સવારના સમયે ગાંધીનગર તબિબિ અધિક્ષકની કચેરી ખાતે એકઠા થયા હતા અને ક્વોરન્ટાઈન સમયની મર્યાદા વધારવા માટે રજુઆત કરી હતી. પરંતુ સિવિલ તંત્ર દ્વારા કોવીડ ડયુટી બાદ ૩ દિવસ કવોરોન્ટાઈનના યથાવત રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર સ્થિત સે-૨૧ની શાકમાર્કેટમાં ગાંધીનગર સ્થિત મહિલા મંડળ દ્વારા આવનારા દિવસોમાં રક્ષાબંધન પર્વ નિમિત્તે વિવિધ પ્રકારની રાખડીઓ પણ બહેનો દ્વારા બનાવવામાં આવી છે. આ સુંદર અને આકર્ષક રાખડી નજીવી કિંમતે વેચાણ માટે મૂકવામાં આવી છે.

અડાલજ કેનાલ પાસેથી અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર-સરખેજ માર્ગ પર અડાલજ નર્મદા કેનાલ પાસે સવારના સુમારે હત્યા થયેલી હાલતમાં અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો હતો. અડાલજ વોટર સાઈડ નજીક મૃતદેહ હોવાનો મેસેજ મળતા જ પોલીસ તાત્કાલીક ઘટના સ્થળે દોડી ગઈ હતી. પોલીસે મૃતદેહનું પીએમ કરાવી આગળની તપાસ શરુ કરી છે. અંદાજીત ૪૦ વર્ષિય અજાણ્યા પુરૂષના મૃતદેહ પાસેથી તેની ઓળખ થઈ શકે તેવા કોઈ આધાર કે પુરાવા પોલીસને મળ્યા નથી. મૃતકના પેટ તેમજ શરીરના ભાગે તિક્ષ્ણ હથીયારના ઘા મારેલા છે.

મૃતદેહની હાલત જોતા રાત્રીના સુમારે જ કોઈ એ તેની હત્યા કરી હોવાની શંકા છે. જો કે હત્યામાં ઉપયોગમાં લેવામાં આવેલ હથીયાર કે અન્ય કોઈ ચીજવસ્તુ કે પુરાવા પોલીસને હાથ લાગ્યા નથી. મૃતકના ડાબા હાથે ઘડીયાળ તેમજ હાથની આંગળીઓમાં વીટી પહેરેલી છે. તેના ખિસ્સામાં થોડા ઘણા રોકડા રૂપીયા સિવાય અન્ય કોઈ વસ્તુ મળી ન હોવાથી મૃતકની ઓળખ કરવી મુશ્કેલરૂપ બની ગયુ છે. બનાવ અંગે પોલીસે હાલના સમયે તો મૃતકના વાલીવારસોની શોધખોળ આદરી છે.

ગાંધીનગરના ચકચારી "ચિલોત્રો કાંડ"માં વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર્સને "ક્લીનચીટ"..!!!

ગાંધીનગર, તા. ૨૦

થોડા દિવસો પૂર્વે ગાંધીનગરના વન્યજીવપ્રેમી આલમમાં ચિલોત્રો કાંડે ભારે સનસની મચાવી હતી જેમાં અરણ્યભવન નજીક એક વૃક્ષ પર ચિલોત્રોના માળાની કેટલાંક વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર્સ દ્વારા પક્ષીને અડચણરૂપ થાય તે રીતે સતત ફોટોગ્રાફી તેમજ સોશિયલ મિડિયા પર લાઈવ દેખાડવાની પ્રવૃત્તિના કારણે ચિલોત્રોના ત્રણ બચ્ચાં મોતને ભેટ્યાં હોવાની ફરિયાદ થવા પામી હતી. આ ફરિયાદના સંદર્ભમાં વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર્સ દ્વારા લાંબા વાંસ સાથે મોબાઈલને બાંધીને પક્ષીના માળા સુધી લઈ જઈ વિડિયો લેવાની કોશિષ કરતો વિડિયો પણ રજૂ કરાયો હતો જે સોશિયલ મિડિયામાં પણ વાઈરલ થયો હતો. આ ચિલોત્રો કાંડની તપાસ ગાંધીનગર રેન્જ ડીએફઓ એસ.એન. ડામોરને સોંપવામાં આવી હતી જેમણે તેમની તપાસમાં વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર્સની કામગીરીને "ક્લીન ચીટ" આપી દીધી હોવાનું જાણવા મળ્યું છે. જેના પગલે ગાંધીનગર સહિત રાજ્યના વન્યજીવ પ્રેમીઓમાં આશ્ચર્ય ફેલાયું છે.

ડીએફઓ ડામોરના મતે જે વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર્સ પર ચિલોત્રો પરિવારને પરેશાનીરૂપ કાર્ય કરવાનો આક્ષેપ છે. તેમણે ચિલોત્રોના બચ્ચાં બખોલમાં વરસાદથી મૃત પામ્યાં છે તેવી શંકાને આધારે તે ચેક કરવા મોબાઈલ કેમેરાનો ઉપયોગ કર્યો હોવાનું તેમજ એક બચ્ચુ પહેલા ઉડી ગયુ હોવાની જે થીયરી રજૂ કરી છે તે સાચી છે. આ સાથે ડેમેજ કન્ટ્રોલના ભાગરૂપે જે હવેથી કોઈ પણ વ્યક્તિ કોઈ પણ વન્યજીવને પરેશાનીરૂપ થાય તે રીતે ફોટોગ્રાફી કે વિડિયોગ્રાફી કરી શકશે નહી તેવી ગાઈડલાઈન બહાર પાડી છે તેવાં પગલાં લીધા હોવાનું જણાવ્યુ હતુ. ખાસ આશ્ચર્યની વાત તો એ છે કે તેમના મતે ચિલોત્રો પક્ષી સિડ્યુલમાં સામેલ નથી તેવુ જણાવ્યું હતું તેથી હવે આ કેસમાં વધુ તપાસ નહી કરાય તેવી માહિતી આપી હતી. તેમણે ચિલોત્રોના બે બચ્ચાં વરસાદને કારણે કુદરતી મોતને ભેટ્યાં હોવાનું તારણ રજુ કર્યુ હતુ.

રાજય સરકારના કર્મચારીઓના બાકી ભથ્થાં અને ગ્રેડ પે કેન્દ્રના ધોરણે આપવા કર્મચારી સંકલન સમિતિની માંગ

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિ દ્વારા રાજય સરકારના કર્મચારીઓના પડતર પ્રશ્નો જેવા કે કેન્દ્રના ધોરણે ભથ્થાંઓ આપવા તથા ગ્રેડ પે સુધારવા તથા તા. ૧લી જાન્યુઆરીથી રોકી રાખેલા ભથ્થાંઓ આપવા મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી તથા મુખ્ય સચિવને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. સંકલન સમિતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલ દ્વારા લખવામાં આવેલ આ પત્રમાં રાજય સકારના કર્મચારીઓને તા. ૧૩મી જાન્યુઆરીએ જે પાંચ ટકા મોંઘવારી ભથ્થામાં વધારો જાહેર કરાયો હતો તેની તા. ૧લી જુલાઈ ૨૦૧૯ થી ૩૧મી ડિસેમ્બર ૨૦૧૯ સુધીની તફાવતની રકમ ત્રણ હપ્તામાં તબક્કાવાર ચુકવવાનું નાયબ મુખ્યંત્રીએ જાહેર કર્યું હતું તે હજુ સુધી ચુકવાઈ નથી તેને પણ ચુકવવા માંગ કરવામાં આવી છે.

આ સાથે કર્મચારી સંકલન સમિતિ દ્વારા કેન્દ્ર સરકારના ધોરણે સાતમા પગાર પંચના બાકી રહેલા વિવિધ ભથ્થાં ચુકવવાનો નિર્ણય પણ રાજય સરકાર લેતી નથી તે કહેતા રાજય સરકારે કર્મચારીઓના કોઈ ભેદભાવ વગર પ્રાથમિક શિક્ષકોની જેમ રાજયના સંવર્ગોને ગ્રેડ ૪૨૦૦ પેની માંગણી કરવામાં આવી છે. તેમાં માહિતી ખાતાના કર્મચારીઓ, પોલીસના કર્મચારીઓ, મહાનગરપાલિકાના શિક્ષકો, એફ.એચ.ડબલ્યુ, એ.એન.એમ., એફએમ, નર્સિંગ પરિચારિકા, એમ.બી. ડબલ્યુ, એમ.વી. પંચાયત સંવર્ગોના આરોગ્ય કર્મચારીઓની ગ્રેડ પે બાબતે માંગણી કરવામાં આવી છે. પ્રાથમિક શિક્ષકોને ૪૨૦૦ ગ્રેડ પે આપવાના નિર્ણયને આવકારતા કર્મચારી સંકલન સમિતિએ ફિકસ પગારના કર્મચારીઓને હાજર તારીખથી સળંગ નોકરી ગણી માંગણીઓ લાગુ પાડવા માંગ કરી છે. જો કે રાજય કર્મચારી સંકલન સમિતિએ વર્તમાન પરિસ્થિતિમાં તેઓ આંદોલન કરવાના પક્ષમાં નથી તેવું જણાવી તેમની માંગણીને સત્વરે ભેદભાવ વગર ઉકેલ લાવવા વિનંતી કરી છે.

સેકટર-૧૩-એ ખાતે પ્રયોશા મહિલા વિકાસ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મહિલાઓએ આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાગ લઈ વૃક્ષારોપણ કાર્યક્રમને પ્રોત્સાહન આપ્યું હતું.

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા આવનાર રક્ષાબંધના તહેવાર નિમિત્તે સરહદ પર તૈનાત સૈનિક જવાનો માટે મોટા પાયે રાખડી મોકલી શુભેચ્છા પાઠવવાનો સેલ્યુટ ટુ સોલ્જર્સનો કાર્યક્રમ યોજાયો હતો. જે સંદર્ભે સંસ્થા તથા નગરની બહેનોએ સમગ્ર દેશની રક્ષા કરતા સૈનિક ભાઈઓ માટે રાખડી મોકલી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ મમતાબેન રાવલ સાથે પ્રોજેક્ટ ચેરમેન નીધી ભંડારી, દક્ષા જાદવ, સભ્યો મનીષાબેન, કુસુમબેન, નિમિશાબેન, ચંદા યાદવ, વૈશાલી જોષી, ડિમ્પલ દેસાઈ, ભૂમિ જોગાની તથા જાગૃતિબેન વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ દ્વારા ૩૦૦ બિલીપત્ર અને લીમડાનું વાવેતર કરાયું

સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ સંસ્થાના સ્થાપના દિવસે સંસ્થા દ્વારા કોર્પોરેટર હર્ષાબા ધાંધલની આગેવાનીમાં ૩૦૦ બિલીપત્ર અને લીમડાનું વાવેતર કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની વિશેષતા એ હતી કે વિવિધ સેકટરમાં દંપતીના હસ્તે ૫ બિલીપત્ર અને ૫ લીમડા વાવવામાં આવ્યા હતા અને તેમના દ્વારા ૧૦ વૃક્ષ ઉછેરવાની જવાબદારી લેવામાં આવી હતી. કોરોના માર્ગદર્શિકાનું પાલન કરી યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં મુકિતધામ ખાતે મેયર રીટાબેન પટેલ ઉપસ્થિતિ રહ્યા હતા. સે-૮માં મુકેશ કાલાવડિયા, સે-૭માં ગોવિંદભાઈ આહિર, વાવોલમાં ભૂપેન્દ્ર ગજજર અને દિપક દવે, સે-૨૭માં જયશ્રીબેન ખેતિયા, સે-૫માં રામદાન ગઢવી અને જયંતિ વધાસીયાના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

શહેરમાં કવિ ઉમાશંકર જોષીની જન્મજયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા.૨૧

'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી' ગાંધીનગરના ગુજરાતી વિભાગ અને 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન'ના સંયુક્ત ઉપક્રમે ગુજરાતના ઘરેણા સમાન કવિશ્રી ઉમાશંકર જોશીની ૧૧૦મી જયંતી ઉજવવામાં આવી. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ અને બીજરૂપ વક્તા તરીકે ગુજરાતી સાહિત્યના સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી મણીલાલ હ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ અને માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના ઉપાધ્યક્ષ શ્રી હર્ષદ શાહ આ કાર્યક્રમના અધ્યક્ષપદે બિરાજમાન હતા. ઉપરાંત, 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન'ના અધ્યક્ષ અને સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી ભાગ્યેશ જહા અને 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગુજરાતી' વિભાગના અધ્યક્ષ ડૉ. પ્રશાંત પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના પ્રાધ્યાપક શ્રી સંજય પટેલે કર્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સામાન્ય જનજીવનમાં ગુજરાતની સંસ્કૃતિના ધરોહર સાહિત્ય, અને સાહિત્યમાં સવિશેષ મહત્ત્વ ધરાવતા ઉમાશંકર જોશીનાં સાહિત્યિક કાર્યો અને જીવન ઝરમરથી અધ્યાપકો, શિક્ષકો, સાહિત્યરસિકો અને આમ સમાજમાં જાગૃતિ ફેલાવવાનો હતો. શ્રી મણીલાલ હ. પટેલે શ્રી ઉમાશંકરના જીવનની મુઠ્ઠી ઊંચેરા માનવી તરીકેની ઘટનાઓ, તેમના વ્યક્તિત્વની સરળતા, સાથે એક ઉત્તમ અધ્યાપક અને સાહિત્ય શ્રેષ્ઠી તરીકે રાજ્યસભામાં પહોંચવા સુધીની તેમની ઉમદા જીવન સાધનાને શબ્દચિત્રથી અંકિત કરી બતાવી હતી. સાથે જ, કવિની પ્રતિભાનો જીવંત લ્હાવો તેમને પણ મળ્યો હોવાના સંસ્મરણો પણ તાજા કર્યા હતાં. કવિશ્રી ભાગ્યેશ જહાએ પણ ઉમાશંકરની કવિતા અને વ્યક્તિત્વનું ઉદાત્તપણું પોતાના શબ્દોમાં રજુ કર્યું હતું. તો એક સાચા ગુજરાતી તરીકે અને ગુજરાતી ભાષાના ઉપાસક તરીકે ઉમાશંકર જોશીની કેવી ભૂમિકા હતી તેના વિશે અને તેમની વ્યક્તિ મટી વિશ્વ માનવી બનવા તરફની વિરાટ વિચારધારાને કુલપતિશ્રી હર્ષદ શાહે અધ્યક્ષીય પ્રવચનમાં વણી લીધી હતી. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાના મંત્રી અને સંસ્કૃત વિભાગના અધ્યાપક ડૉ. જય ઓઝાએ કરી હતી.

આમ, આ કાર્યક્રમ સાહિત્ય અને ગુજરાતની સંસ્કૃતિને ઉજાગર કરનાર બની રહ્યો હતો. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના ફેસબુક પેજ ઉપરથી આ કાર્યક્રમને બે હજાર કરતાં પણ વધારે લોકોએ માણ્યો હતો. આ રીતે આ કાર્યક્રમને અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત થઈ હતી.

ઈસનપુર મોટા ગામનો યુવાન ગુમ થતા ગામના શખ્સ સામે આક્ષેપ સાથે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીક આવેલા ઈસનપુર મોટા ગામનો એક યુવાન ગુમ થઈ જતા ગામના શખ્સ સામે આક્ષેપ સાથે ફરીયાદ થવા પામી છે. ચિલોડા પોલીસ મથકે ઈસનપુર મોટા ગામના દીપ્તીબેન ભાવેશકુમાર ત્રિવેદીએ નોંધાવેલી ફરીયાદ મુજબ તેમના પરિવારમાં પતિ, ૧૭ વર્ષની દિકરી અને ૧૩ વર્ષનો દિકરો છે. ગત તા. ૧૪ જુલાઈના રોજ દીપ્તીબેનના પતિ ભાવેશકુમારે સવારે ૯ વાગે અમદાવાદ કથા માટે જવા માટે ઘરેથી નીકળ્યા હતા. અમદાવાદથી સાંજના ૭ વાગ્યા સુધી પતિ ઘરે પરત ન ફરતા દીપ્તીબેને ચિલોડા પોલીસ મથકે જાણ કરી હતી. ત્યારબાદ ભાવેશભાઈનું એકટીવા ચિલોડા પેટ્રોલપંપ પાસેથી મળી આવ્યું હતું. મહિલાના દાવા પ્રમાણે એકટીવા ઘરે લઈને ચેક કરતા તેમાંથી એક ચીઠ્ઠી મળી આવી હતી. જેમાં ગામનો શખ્સ હેરાન કરતો હોવાનો ઉલ્લેખ કરાયો છે. જે શખ્સને શારીરીક-માનસિક અને સામાજીક રીતે થકવી નાંખવાની ધમકીઓ આપતો હતો. ફરીયાદી મહિલાએ દાવો કર્યો છે કે તેમના પતિએ આ શખ્સ સામે ચેક રીટર્નનો કેસ કર્યો હતો. જે કેસમાં માથાભારે શખ્સને સજા થઈ હોવાથી તે સમાધાન માટે દબાણ કરતો હતો. જેના ત્રાસથી પતિ ઘર છોડીને જતા રહ્યા હોવાની મહિલાએ ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. ઘરના મોભી એક જ વ્યકતિ કમાવાવાળા હોવાથી વહેલી તકે શોધવા માટે મહિલાએ અપીલ કરી છે.

ચિરવિદાય

- સ્વ. ઠાકોર જોઈતાજી રામસંગજી, ઉ.વ. ૬૪, મુ. ધોળાકુવા, ગાંધીનગર
- સ્વ. કેલાસબા પ્રવિણસિંહ રાઓલ ચાવડા, ઉ.વ. ૬૨, સે-૨૪, શ્રીનગર સોસાયટી
- સ્વ. શાશ્વત દિનેશ મુહી, ઉ.વ. ૧૬, સે-૩-એ, ગાંધીનગર